# ખેડબ્રહ્મા પાલિકા વિસ્તારમાં છ ગેરકાયદેસર મોબાઈલ ટાવરો ઉભા કરાતા લોકોમાં રોષ

## મોબાઈલ કંપનીઓ પાસે રૂ. ૧૬.૧૬ લાખ ટેક્ષ બાકી

ખેડબ્રહ્મા, તા. ૧૪

ખેડબ્રહ્મા નગરપાલિકા વિસ્તારમાં જુદી જુદી મોબાઈલ કંપનીઓના ૧૦ ટાવર પૈકી છ ટાવર વિના મંજુરીએ કાર્યરત છે. રહેણાંક વિસ્તારમાં ઉભા કરાયેલા આ ટાવર લોકોના આરોગ્ય માટે જોખમકારક છે તે સાથે પાલિકાને ટેક્ષ ચુકવવામાં પણ ઉણી ઉતરી છે. આ મોબાઈલ ટાવર કંપનીઓ પાસે રૂ. ૧૬.૧૬ લાખ ટેક્ષ બાકી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર ખેડબ્રહ્મા નગરપાલિકા વિસ્તારમાં જુદી જુદી છ કંપનીઓ કુલ દસ ટાવર કાર્યરત છે. આ ૧૦ ટાવર પૈકી છ ટાવરની કોઈ મંજુરી આપવામાં આવી નથી. રહેણાંક વિસ્તારમાં કાર્યરત મોબાઈલ ટાવર લોકોના આરોગ્ય માટે જોખમકારક છે. આ મોબાઈલ ટાવરના રેડીયેશનના કારણોથી ચકલી જેવા નાના પક્ષી મરી ગયા છે. અથવા આ વિસ્તાર છોડી અન્યત્ર હીજરત કરી ગયા છે. મોબાઈલ કંપનીઓ તગડો નફો કરતી હોવા છતાં પાલિકાને ટેક્ષ ચુકવવા પાછી પાની કરી રહી છે. જુદી જુદી કંપનીઓ પાસે ૨૦૧૨-૧૩ના વર્ષ સુધીનાં રૂ. ૧૬,૧૬,૧૬૩ જેટલા જંગી ટેક્ષાની રકમ બાકી છે. નાગરીકોની નાની રકમનો ટેક્ષ વસુલ કરવા પાલિકા દ્વારા નળ કનેક્શન કાપવામાં આવે છે અગર મિલકતને સીલ મારવા સુધીના સખ્તાઈના પગલા ભરવામાં આવે છે. ત્યારે આ મોબાઈલ કંપનીઓ પાસે લાખો રૂપિયાનો ટેક્ષ બાકી હોવા છતાં સખ્તાઈ શા માટે કરવામાં આવતી નથી તે ચર્ચા હાલ ભારે ચકડોળે ચડી છે.

આ અંગે મામલતદાર અને ચીફ ઓફિસર એચ.એન. મોદીએ જણાવ્યું હતું કે પાલીકા બાકી ટેક્ષ અંગે નોટીસ આપી સીલ લગાવવાની કાર્યવાહી કરવામાં આવશે.



## પાલનપુરમાં બે વર્ષનો મિલકતવેરો ન ભરતાં ગેસ્ટહાઉસો સીલ

પાલનપુર નગરપાલિકાની દબાણ શાખા દ્વાર રીઢા બાકીદારો સામે સખ્તાઈ કરતાં વેરો ન ભરતાં ગત રોજ હાઈવે વિસ્તારમાં આવેલ રાજાજી ગેસ્ટહાઉસને સીલ કરતાં ફફડાટને ચકચાર મચી જવા પામી હતી. પાલિકાનાં દબાણ શાખાની ટીમના સુપરવાઈઝર સંજય વ્યાસની આગેવાનીમાં પાલિકા પ્રમુખ અને ચીફ ઓફિસરના સુચન મુજબ કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. જેમાં હાઈવે પર આવેલા રાજાજી ગેસ્ટહાઉસ કે જેનું બે વર્ષનું પાલિકાનો વેરો ભરપાઈ ન કરતાં તેને નોટીસો પાઠવેલ હતી. રીઢા બાકીદારો વેરો ભરવામાં આળસ રાખતાં નગરપાલિકાની કલમ-૧૩૩ મુજબ મિલકતને સીલ મારેલ હતું. બાકીદારોમાં ફફડાટ ફેલાયો છે. વેરો ભરવાની વેતરણમાં પડી ગયા છે.

# બનાસકાંઠામાં ગાડીની નંબર પ્લેટ પર જાતિ વિષયક લખાણો ચિતરાવી નિયમોનો ભંગ કરતા વાહનચાલકો



(તસવીર : પ્રવિણ પટેલ, દાંતીવાડા)

દાંતીવાડા, તા. ૧૩

દાંતીવાડા અને પાલનપુર સહિત બનાસકાંઠા જિલ્લાના હાઈ-વે પર સરેઆમ બિન્દાસપણે આર.ટી.ઓ.ના નિયમોનો ભંગ કરી કેટલાક વાહન ચાલકો પોતાની ગાડીઓની નંબર પ્લેટ ઉપર જાતિ વિષયક લખાણો ચિતરાવી દિન દહાડે કાયદાની ધજીયા ઉડાડી રહ્યા છે.

પ્રાપ્ત માહિતી અનુસાર બનાસકાંઠા જિલ્લાના મુખ્ય મથક પૈકાના પાલનપુર, ડીસા, દાંતીવાડા, દાંતા વગેરે તાલુકા અને તેના શહેરોમાં કેટલાક તત્વો દ્વારા પોતાની ફોર વ્હીલર ગાડીઓની નંબર પ્લેટો પર યોગ્ય નંબરના સ્થાને અવનવા પ્રયોગો કરી અને અલગ અલગ નંબરોની ગોઠવણી કરી ગાડીઓ પર લગાવી ફરી રહ્યા છે. જ્યારે કેટલા તત્વો આનાથી પણ વિશેષ પોતાની નંબર પ્લેટો પર અમુક જાતિના લોકોને ઠેસ પહોંચે તેવા જાતિ વિષયક લખાણો ચિતરાવી ખુલ્લેઆમ જાહેર માર્ગો પર ફરી રહ્યા છે. અવારનવાર જિલ્લા ટ્રાફિક પોલીસ તંત્ર અને આર.ટી.ઓ. વિભાગના અધિકારીઓ જિલ્લાના જાહેરમાર્ગો પર આંતરે દિવસે વાહન ચેકીંગ કરતા હોય છે. પરંતુ તેમ છતાં અધિકારીઓને પણ આ વાહનચાલકોના વાહનની નંબર પ્લેટ પર ચિતરાવેલ ચિતરામણ નજરે પડતુ નથી. ત્યારે આવી જ એક ગાડીની નંબર પ્લેટ ગાંધીનગર સમાચારના કેમેરામેનના કેમેરામાં કેદ થઈ ગઈ હતી. જે તસ્વીરમાં નજરે પડે છે.

બેફામ બની કાયદાની ખુલ્લેઆમ ધજીયા ઉડાડતા અને વિચિત્ર જાતિ વિષયક ચિતરામણી કરતા વાહન ચાલકો સામે તાત્કાલિક બનાસકાંઠા જિલ્લા પોલીસ વડા દંડનીય કાર્યવાહી કરે તેવી લોક માંગ ઉઠવા પામી છે.



પાલનપુરમાં બેરોકટોક પણે શહેરનાં દુકાનદારો કચરા સ્વરૂપે પ્લાસ્ટીક વેચે છે. જયારે ૩૨ દેવીદેવતાઓના વાસ ધારણ કરનારી ગૌમાતા (ગાય) પાલકોની બેદરકારીના કારણે ભૂખ સંતોષવા કચરાના ઢગમાં પડેલ આરોગે છે. જેમાં પ્લાસ્ટીક વધુ પડતું આરોગે છે અને મોતને ભેટે છે. ગૌરક્ષકો અને જીવદયા પ્રેમીઓ આગળ આવે અને સમસ્યાનો નિકાલ લાવે. (તસવીર : હરેશ જોષી, પાલનપુર)

## મીઠીવાવનું રીનોવેશન કરવા વસાહતીઓની માંગ

શહેરની શોભામાં અભિવૃત્તિ કરનારી ૭૦૦ વર્ષની જુની મીઠી વાવ ખાતેનાં પાલિકા પ્રમુખ હસમુખભાઈ પઢિયાર આવીને નિરક્ષણ કર્યુ હતું. મીઠી વાવનો જીણોદ્ધાર થાય તેવી વસાહતીઓમાં ઉઠી છે. તે માટે પ્રમુખ હસમુખભાઈ પઢિયારને રજૂઆત કરવામાં આવી છે.

## પાલનપુર સેન્ટ પૉલ ઈંગ્લીશ મિડિયમ સ્કૂલનું સતત આઠમી વખત ૧૦૦ ટકા ધોરણ-૧૦નું પરિણામ

પાલનપુરના આબુ હાઈવે પર આવેલ સેન્ટ પૉલ મિડિયમ ઈંગ્લીશ શાળાનું ગત રોજ શાળાનું સતત આઠમી વખત ૧૦૦ ટકા પરિણામ ધોરણ-૧૦નું આવેલ છે. શાળાના સંચાલકો, શિક્ષકોમાં ઉત્સાવ જોવા મળ્યો હતો. સેન્ટ પૉલનાં (૧) પટેલ અયન નિલેશભાઈ ૯૫.૩૫ (૨) ધામેયા રીયા ૯૨.૭૦ ટકા (૩) પઠાણ અલીહસા અનુખાન ૯૨.૧૮ ટકા લાવેલ છે. ૩ વિદ્યાર્થીઓએ એ-૧માં સ્થાન મેળવ્યું છે.

## પાલનપુર તાલુકાના ગઠામણ ગ્રામ પંચાયતમાં પ્લોટો ફાળવવામાં ગેરરીતિની ફરિયાદ

પાલનપુર તાલુકાના ગઠામણ ગામ ખાતે ગરીબ લાભાર્થીઓને મકાન બનાવવા માટે રાજય સરકાર દ્વારા રાહતના પ્લોટોની પંચાયત દ્વારા ફાળવણી કરવામાં આવેલ છે.

ગ્રામજનોના જણાવ્યાનુસાર આ પ્લોટોની પંચાયત દ્વારા ગેરકાયદેસ રીતે ફાળવણી કરાઈ હોવાની તેમજ જાહેર રસ્તાઓ નવા ગામ તળાવની જગ્યામાં દબાણ કરાયાની મોટા પાયે ગેરરીતીઓ આચરવામાં આવ્યા હોવાનાં આક્ષેપો થઈ રહ્યાં છે.

## મનસુરી સમાજનું ગૌરવ

ઈડર તાલુકાના બોલુન્દ્રા ગામની જવાહર નવોદય વિદ્યાલયના વિદ્યાર્થી તન્જીલ કાદરભાઈ મનસુરીએ ધોરણ-૧૦માં ઉચ્ચ ગુણ પ્રાપ્ત કરી શાળા અને સમાજનું ગૌરવ વધાર્યુ હતું. ઈડર તાલુકાના બોલુન્દ્રા ગામની રહેવાસી મનસુરી કાદરભાઈના સુપુત્ર તન્જીલભાઈ કાદરભાઈ મનસુરીએ ચાલુ વર્ષે લેવાયેલ ધોરણ ૧૦ (સેન્ટ્રલ બોર્ડ)ની પરીક્ષામાં ગ્રેડ-એ-૧, ૯૪.૦૮ ટકા સાથે ઉત્તીર્ણ થયો હતો અને શાળા તેમજ સમાજનું ગૌરવ વધારતા પરિવારજનો અને સ્નેહીજનોએ વિદ્યાર્થીને અભિનંદન પાઠવ્યા હતા.



પાલનપુરમાં બાળમજૂરી નાબુદી દિન નિમિત્તે જન જાગૃતિ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. રેલીએ નગરમાં વિવિધ માર્ગો પર પરિભ્રમણ કર્યુ હતું. રેલીમાં જિલ્લા વિકાસ અધિકારી મહેન્દ્રભાઈ, નગરપાલિકાના પ્રમુખ હસમુખભાઈ પઢિયાર, ચીફ ઓફીસર તથા અજીતભાઈ જોષી ઉપસ્થિત રહ્યા હતા. પાલિકા ઉપપ્રમુખ અમૃતભાઈ જોષી પણ હાજર રહ્યા હતા. (તસવીર : હરેશ જોષી, પાલનપુર)

# ઉમરેઠના અધિક ઈજનેર ૫૦ હજારની લાંચ લેતા ઝડપાયો

ઉમરેઠ, તા.૧૪

આણંદ જિલ્લાના ઉમરેઠ તાલુકાના તારપુરા ગામે ગત રોજ નડીયાદ એસીબીના અધિકારીઓએ ગોઠવેલા છટકામાં તાલુકા પંચાયત ઉમરેઠના અધિક ઈજનેર કોન્ટ્રાકટર પાસેથી ૫૦ હજારની લાંચ લેતા રંગે હાથ ઝડપાઈ ગયા હતા. જેથી અધિકારીઓમાં ભારે સન્નાટો ફેલાયો હતો.

પ્રાપ્ત માહિતી અનુસાર ઉમરેઠ તાલુકા પંચાયતમાં બાંધકામ વિભાગમાં આર.એમ. પટેલ અધિક ઈજનેર તરીકે ફરજ બજાવે છે. અને તારપુરા ગામે રસ્તાના બાંધકામ બાબતે ભાલેજના રહીશ અને કોન્ટ્રાકટર લાલજી ઉર્ફે શિવાભાઈ ચંદુભાઈ પટેલ દ્વારા આ વિકાસના કામો માટે બીલ તાલુકા પંચાયત સમક્ષ મુકવા અને તે બીલ મંજૂર કરવા માટે અધિક ઈજનેર આર.એમ. પટેલ દ્વારા રૂ. ૫૦ હજારની લાંચની માંગણી કરવામાં આવી હતી. અવાર નવાર લાંચ આપવી પડતી હોવાથી કંટાળીને લાલજીભાઈએ નડિયાદ એસીબી કચેરીનો સંપર્ક કરતા પી.આઈ. એ.એ. શેખે લાંચનું છટકું ગોઠવ્યું હતું. જેમાં આ લાંચની રકમ રૂ. ૫૦ હજારની પાવડરવાળી નોટો તેમના સાગરીત પેટલાદ તાલુકાના ઘુંટેલી ગામમાં રહેતા અરવિંદભાઈ ઠાકોરને આપી હતી પરંતુ અધિક ઈજનેર આર.એમ. પટેલ અને તેના ફોલ્ડરીયાને આ છટકાની ગંધ આવી જતા નાણાં લઈ બંને ભાગી છૂટતા એસીબી અધિકારીઓએ પીછો કરી ફતેપુરા લક્કડીયા ગામે બંનેને રંગે હાથ ઝડપી લેવામાં સફળતા મેળવી હતી. ઉમરેઠ તાલુકા પંચાયતના ઈજનેર રૂ. ૫૦ હજારની લાંચ લેતા ઝડપાતા બંને સામે લાંચ વિરોધી કાયદા હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# મહેસાણા જિલ્લામાં પ્રિ મોન્સુન પ્લાન સંદર્ભે તંત્ર સુસજ્જ

ઊંઝા, તા.૧૪

રાજયમાં ચોમાસું ઋતુમાં સંભવિત આફતને પહોંચી વળવા જિલ્લા અને તાલુકા કક્ષાને પ્રિ-મોનસુન પ્લાન સંદર્ભે આયોજન કરીને તંત્રોને સુસજ્જ અને સતર્ક રહેવાના આદેશો અપાય છે ત્યારે તાલુકામાં પ્રિ-મોન્સુન પ્લાન સંદર્ભે વિવિધ સરકારી ખાતાઓ અને પાલિકા દ્વારા જે આગોતરું આયોજન થવું જોઈએ તે ન થતાં પરિસ્થિતિ જૈસે થે રહી છે.

ઊંઝા શહેરમાં છેલ્લા કેટલાક વર્ષોથી વરસાદી પાણીના નિકાલ માટે યોગ્ય વ્યવસ્થા કરવામાં આવી નથી. પરિણામે ચોમાસા દરમિયાન શહેરના મુખ્ય જાહેર રાજમાર્ગો તેમજ નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ જાય છે. પરિણામે લોકોને ભારે મુશ્કેલી વેઠવી પડે છે. શહેરમાં હાઈવે બાજુમાં વરસાદી પાણીના નિકાલ માટેની લાંબી કેનાલ બનાવવામાં આવેલ છે. પરંતુ આ કેનાલમાં કચરો નંખાય છે. તેને અટકાવવામાં આવતો નથી કેનાલમાંથી કચરાની સાફ સફાઈ કરવામાં આવતી નથી. જેથી કેનાલમાંથી પાણીનો યોગ્ય નિકાલ થઈ શકતો નથી. અને પાણી કેનાલમાં જ ભરાયેલું રહેતાં કચરાને લીધે ગંદકી અને દુર્ગંધ ફેલાય છે.

આમ સંબંધિત તંત્રોના આગોતરા આયોજનના અભાવે તંત્રોની પોલ ખુલ્લી પડી જાય છે. તાલુકામાં મહેસુલ, પંચાયત, માર્ગ મકાન વિભાગ, વન વિભાગ, આરોગ્ય તંત્ર, પોલીસ, નગરપાલિકા વગેરે તંત્રોને સતર્ક રાખવા માટે જિલ્લા વહીવટીતંત્રે સત્વરે યોગ્ય પગલાં ભરવા જોઈએ તેવું આમ જનતામાં બોલાય છે.

# ઉત્તર ગુજરાતના બજાર ભાવો

### તલોદ

| | | |
|---|---|---|
| મગફળી | ૭૬૦ | ૯૨૧ |
| એરંડા | ૭૧૦ | ૭૧૭ |
| ઘઉં | ૩૧૦ | ૩૬૦ |
| બાજરી | ૨૪૦ | ૨૯૧ |
| વરીયાળી | ૧૦૪૧ | ૧૬૭૫ |
| ગવાર | ૧૨૨૦ | ૧૩૩૭ |
| જુવાર | ૩૪૦ | ૩૮૧ |
| મગ | ૭૫૦ | ૧૦૨૬ |

### ધનસુરા

| | | |
|---|---|---|
| એરંડા | ૬૯૦ | ૭૦૦ |
| મકાઈ | ૨૫૦ | ૨૯૦ |
| ઘઉં | ૩૧૦ | ૩૫૦ |
| બાજરી | ૨૭૦ | ૨૭૫ |
| વરીયાળી | ૧૦૦૦ | ૧૪૦૦ |
| ગવાર | ૧૨૫૦ | ૧૩૫૦ |

### ખેડબ્રહ્મા

| | | |
|---|---|---|
| ઘઉંલોકવાન | ૩૧૩ | ૩૩૦ |
| ઘઉં૪૯૬ | ૩૧૫ | ૩૫૫ |
| મકાઈ | ૨૪૦ | ૨૭૦ |
| એરંડા | ૬૯૫ | ૭૦૨ |
| મગફળી | ૭૮૦ | ૮૦૦ |
| મગ | ૧૦૨૫ | ૧૦૬૪ |

### મોડાસા

| | | |
|---|---|---|
| એરંડા | ૬૮૫ | ૭૧૨ |
| બાજરી | ૨૬૦ | ૨૯૭ |
| મકાઈ | ૨૩૦ | ૨૮૧ |
| ઘઉં | ૩૦૫ | ૩૭૩ |
| મગફળી | ૭૦૦ | ૯૧૦ |
| ગવાર | ૧૨૫૦ | ૧૩૩૫ |
| ચણા | ૫૫૦ | ૮૨૫ |
| જુવાર | ૩૬૦ | ૪૦૫ |

### ટીંટોઈ

| | | |
|---|---|---|
| એરંડા | ૬૮૦ | ૬૯૩ |
| બાજરી | ૨૫૦ | ૨૬૬ |
| મકાઈ | ૨૫૦ | ૨૯૦ |
| ઘઉં | ૩૧૦ | ૩૬૪ |
| મગફળી | ૮૦૦ | ૮૯૫ |
| ગવાર | ૧૨૫૦ | ૧૩૦૮ |
| મગ | ૧૦૦૦ | ૧૧૫૦ |

### દહેગામ

| | | |
|---|---|---|
| બાજરી | ૨૭૬ | ૨૯૪ |
| ઘઉં | ૩૨૬ | ૩૩૦ |
| ડાંગર | ૨૮૦ | ૨૮૬ |
| એરંડા | ૭૦૫ | ૭૧૭ |
| ગવાર | ૧૨૯૦ | ૧૩૦૨ |
| મકાઈ | ૨૨૦ | ૨૮૦ |
| તુવેર | ૫૩૫ | ૪૩૦ |
| રાયડો | ૫૩૦ | ૫૭૦ |

### રખિયાલ

| | | |
|---|---|---|
| બાજરી | ૨૭૫ | ૨૯૨ |
| ઘઉં | ૩૧૦ | ૩૨૫ |
| ડાંગર | ૨૭૫ | ૨૮૦ |
| એરંડા | ૭૦૦ | ૭૧૫ |
| ગવાર | ૧૨૮૦ | ૧૩૦૦ |
| મકાઈ | ૨૧૦ | ૨૭૦ |
| તુવેર | ૫૩૦ | ૬૬૦ |
| જુવાર | ૩૬૦ | ૪૨૫ |
| રાયડો | ૫૨૫ | ૫૬૫ |

### હિંમતનગર

| | | |
|---|---|---|
| મગફળી | ૭૦૦ | ૯૨૭ |
| એરંડા | ૬૮૫ | ૭૧૧ |
| મગ | ૧૦૦૦ | ૧૦૫૦ |
| ઘઉં | ૩૧૫ | ૩૯૧ |
| બાજરી | ૨૬૭ | ૨૯૫ |
| મકાઈ | ૨૪૦ | ૨૫૫ |
| જુવાર | ૩૦૦ | ૩૮૦ |
| ગવાર | ૧૩૦૦ | ૧૪૧૮ |

### ઈડર

| | | |
|---|---|---|
| ઘઉં | ૩૧૦ | ૩૬૦ |
| મકાઈ | ૨૫૦ | ૨૯૫ |
| એરંડા | ૬૯૪ | ૭૦૪ |
| બાજરી | ૨૫૦ | ૨૮૦ |
| રાયડો | ૫૭૦ | ૬૦૦ |
| મગફળી | ૭૦૦ | ૯૩૦ |
| તલ | ૧૧૫૦ | ૧૨૫૦ |
| ગવાર | ૧૨૫૦ | ૧૩૪૦ |
| જુવાર | ૩૩૦ | ૩૪૦ |
| મગ | ૧૦૦૦ | ૧૧૨૦ |

### કડી

| | | |
|---|---|---|
| સવા | ૬૩૦ | ૬૩૬ |
| તુવેર | ૭૬૬ | ૮૪૧ |
| ઘઉં | ૨૯૦ | ૩૮૫ |
| જુવાર | ૩૬૧ | ૪૭૦ |
| ડાંગર | ૨૬૦ | ૪૬૦ |
| બાજરી | ૨૫૨ | ૨૮૬ |
| જવ | ૨૬૦ | - |
| ગવાર | ૧૩૨૬ | ૧૪૦૧ |
| એરંડા | ૬૯૦ | ૬૯૭ |
| રાયડો | ૫૭૦ | ૬૦૫ |
| જીરૂ | ૨૦૫૦ | ૨૫૨૮ |
| તલ | ૧૮૬૦ | ૨૦૦૫ |

### પાલનપુર

| | | |
|---|---|---|
| ઘઉં | ૩૧૨ | ૩૭૭ |
| બાજરી | ૨૬૪ | ૨૮૫ |
| એરંડા | ૬૮૫ | ૭૦૨ |
| રાયડો | ૬૨૫ | ૬૨૮ |
| રાજગરો | ૮૬૨ | ૧૦૨૧ |
| જુવાર | ૬૦૨ | ૬૧૩ |
| મગફળી | ૭૫૩ | ૯૨૪ |
| ગવાર | ૧૨૬૪ | ૧૩૬૦ |

### સિદ્ધપુર

| | | |
|---|---|---|
| રાજગરો | ૯૦૦ | ૯૮૦ |
| વરીયાળી | ૧૦૧૩ | - |
| જવ | ૨૪૫ | ૨૬૧ |
| મગ | ૧૧૮૦ | ૧૨૨૫ |
| રાયડો | ૫૯૦ | ૬૩૭ |
| એરંડા | ૬૫૦ | ૭૩૮ |
| ગવાર | ૧૩૦૦ | ૧૪૨૫ |
| ઘઉં | ૨૮૦ | ૪૧૬ |
| બાજરી | ૨૫૦ | ૨૯૨ |
| જુવાર | ૩૫૦ | ૫૯૦ |
| ઈસબગુલ | ૧૦૨૫ | ૧૧૭૦ |
| સવા | ૭૦૦ | - |

### વિસનગર

| | | |
|---|---|---|
| ઘઉં | ૩૦૦ | ૩૯૦ |
| બાજરી | ૨૨૦ | ૩૧૧ |
| રાયડો | ૫૬૦ | ૬૩૫ |
| એરંડા | ૬૭૦ | ૭૦૭ |
| જુવાર | ૩૦૦ | ૫૭૧ |
| તલ | ૧૮૦૦ | ૧૯૨૫ |
| મેથી | ૫૧૧ | ૫૨૦ |
| ગવાર | ૧૨૪૦ | ૧૩૩૧ |
| રાજકાના બી | ૧૫૦૦ | ૨૭૦૫ |

### મહેસાણા

| | | |
|---|---|---|
| જુવાર | ૨૬૫ | ૪૪૦ |
| ઘઉં | ૩૦૦ | ૪૩૬ |
| જીરૂ | ૨૧૫૦ | ૨૩૯૭ |
| રાયડો | ૫૫૦ | ૬૨૬ |
| મેથી | ૫૩૦ | - |
| સવા | ૫૮૦ | ૬૭૨ |
| બાજરી | ૨૬૦ | ૨૮૨ |
| એરંડા | ૬૮૫ | ૭૦૩ |
| અજમો | ૫૯૫ | ૧૧૮૦ |
| રાજકાળી | ૧૩૦૦ | ૨૭૮૦ |
| ગવાર | ૧૧૩૨ | ૧૨૯૮ |

### આંબલીયાસણ

| | | |
|---|---|---|
| ઘઉં | ૩૦૦ | ૩૬૫ |
| બાજરી | ૨૫૯ | ૨૯૧ |
| રાયડો | ૬૦૦ | ૬૧૮ |
| એરંડા | ૬૯૦ | ૬૯૬ |
| ગવાર | ૧૩૦૦ | ૧૩૩૦ |
| જવ | ૨૪૭ | ૨૫૦ |
| જુવાર | ૩૭૬ | ૩૮૮ |

### જોટાણ

| | | |
|---|---|---|
| ઘઉં | ૩૦૫ | ૩૪૩ |
| એરંડા | ૬૯૩ | ૭૦૨ |
| રાયડો | ૬૦૪ | ૬૧૮ |
| બાજરી | ૨૪૨ | ૨૫૧ |
| ગવાર | ૧૨૧૧ | ૧૩૦૮ |

### હારીજ

| | | |
|---|---|---|
| મેથી | ૫૦૦ | ૫૩૧ |
| ઈસબગુલ | ૯૦૦ | ૧૧૪૫ |
| રાયડો | ૬૨૫ | ૬૩૫ |
| એરંડા | ૬૮૦ | ૭૦૫ |
| સાસટો | ૩૦૦ | ૩૮૦ |
| બાજરી | ૨૫૦ | ૨૯૧ |
| ઘઉં | ૨૯૫ | ૪૪૧ |
| ગવાર | ૧૨૨૫ | ૧૩૯૪ |
| અડદ | ૪૦૦ | ૬૦૦ |
| ચણા | ૫૫૦ | ૬૦૨ |
| જીરૂ | ૨૧૫૦ | ૨૫૧૧ |
| સવા | ૬૦૦ | ૬૯૧ |

### કલોલ

| | | |
|---|---|---|
| ઘઉં | ૩૦૦ | ૩૭૩ |
| એરંડા | ૬૯૦ | ૭૦૦ |
| બાજરી | ૨૪૦ | ૨૮૨ |
| રાયડો | ૬૧૦ | ૬૧૭ |
| ડાંગર | ૨૭૦ | ૩૭૫ |
| ગવાર | ૧૨૮૩ | ૧૩૫૧ |
| જુવાર | ૩૮૦ | ૪૬૫ |
| જવ | ૨૪૦ | ૨૫૬ |

### બાયડ

| | | |
|---|---|---|
| એરંડા | ૬૭૦ | ૬૯૦ |
| ઘઉં | ૩૦૦ | ૩૬૦ |
| બાજરી | ૨૬૦ | ૨૭૦ |
| મકાઈ | ૨૬૦ | ૨૮૦ |
| ગવાર | ૧૧૦૦ | ૧૨૦૦ |

### પાટણ

| | | |
|---|---|---|
| જીરૂ | ૧૬૦૦ | ૨૪૧૦ |
| વરીયાળી | ૭૬૬ | ૧૫૯૧ |
| બંટી | ૩૯૦ | ૪૧૨ |
| રાયડો | ૫૮૫ | ૬૫૧ |
| એરંડા | ૬૬૦ | ૭૧૮ |
| ઘઉં | ૨૯૨ | ૪૧૬ |
| જુવાર | ૩૩૦ | ૪૧૫ |
| બાજરી | ૨૫૦ | ૨૮૬ |
| ગવાર | ૧૨૦૦ | ૧૩૫૨ |

### ઊંઝા

| | | |
|---|---|---|
| જીરૂ | ૧૯૦૧ | ૨૭૯૦ |
| વરીયાળી | ૭૩૫ | ૨૨૦૫ |
| ઈસબગુલ | ૧૨૨૩ | ૧૪૪૪ |
| સરસવ | ૬૪૦ | ૭૦૫ |
| રાયડો | ૬૦૦ | ૬૮૧ |
| તલ | ૨૦૪૧ | ૨૧૦૦ |
| સવા | ૬૪૦ | ૭૧૦ |

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ
● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ્ તેમજ
વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
AGL TILES WORLD Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે,
કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન